# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-08-2025 Day: Thursday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ મલ્ટી ટ્રેકિંગ અને નવી રેલવે લાઇનને મંજૂરી

આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ ગઇકાલે ગુજરાત, કર્ણાટક, તેલંગાણા, બિહાર અને આસામને લાભ આપતા ત્રણ પ્રોજેક્ટ્સના મલ્ટી-ટ્રેકિંગ અને કચ્છના દૂરના વિસ્તારોને જોડવા માટે એક નવી રેલ્વે લાઇનને મંજૂરી આપી છે. સાંભળીએ એક વિશેષ અહેવાલ....

**(વોઇસ કાસ્ટ – પરેશ મારૂ )**

ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક ધરોહર હડપ્પા સ્થળ ધોળાવીરા, પૌરાણિક મહત્ત્વ ધરાવતા નારાયણ સરોવર અને લખપતનો બહોળા પ્રમાણમાં વિકાસ થાય તેવા ઘટનાક્રમમાં ધોળાવીરા, દેશલપર, હાજીપીર, લુણા, વાયોર અને લખપતને જોડતી 145 કિલોમીટરની નવી રેલ લાઈનને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ગઇકાલે બુધવારે કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી હતી.પ્રસ્તાવિત નવી લાઇનનો અંદાજિત ખર્ચ 2 હજાર 5 સો 26 કરોડ રૂપિયા છે. આ પ્રોજેક્ટ 3 વર્ષમાં પૂર્ણ થશે. નવી રેલ લાઇન કચ્છ જિલ્લાના દૂરના વિસ્તારોને રેલ જોડાણ પ્રદાન કરશે. નવી રેલ્વે લાઇન ગુજરાતમાં પ્રવાસનને વેગ આપવા ઉપરાંત મીઠું, સિમેન્ટ, કોલસો, ક્લિંકર અને બેન્ટોનાઇટના પરિવહનમાં પણ મદદ કરશે. આ પ્રોજેક્ટમાં હડપ્પાના સ્થળો ધોળાવીરા, કોટેશ્વર મંદિર, નારાયણ સરોવર અને લખપત કિલ્લાને પણ આવરી લેવામાં આવશે. આ રેલ્વે લાઇનથી, 13 નવા રેલ્વે સ્ટેશન ઉમેરવામાં આવશે જેનો લાભ 866 ગામો અને લગભગ 16 લાખ લોકોને મળશે. આ પ્રોજેક્ટ્સનું આયોજન પીએમ ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર

પ્લાન હેઠળ કરવામાં આવ્યું છે, જેમાં સંકલિત મલ્ટિમોડલ કનેક્ટિવિટી અને આર્થિક વિકાસ પર ભાર મૂકવામાં આવશે. આ પ્રોજેક્ટ્સના કારણે લોજીસ્ટિક્સ ખર્ચ, તેલ આયાત અને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મદદ કરશે, જે ભારતના આબોહવા લક્ષ્યોને પૂર્ણ કરવામાં ફાળો આપશે. (પરેશ મારૂ આકાશવાણી સમાચાર, ભુજ)

-------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય મંત્રી મંડળે કોમનવેલ્થ ગેમ્સ 2030 માટે બિડ રજૂ કરવા મંજૂરી આપી

કેન્દ્રીય મંત્રીમંડળે યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના કોમનવેલ્થ ગેમ્સ 2030 માટે બિડ રજૂ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. મંત્રીમંડળે સંબંધિત મંત્રાલયો, વિભાગો અને સત્તાવાળાઓ પાસેથી જરૂરી ગેરંટી સાથે યજમાન સહકાર કરાર (HCA) પર હસ્તાક્ષર કરવા અને બિડ સ્વીકારવામાં આવે તો ગુજરાત સરકારને જરૂરી ગ્રાન્ટ-ઇન-એઇડ મંજૂર કરવાની પણ મંજૂરી આપી છે.

કોમનવેલ્થ ગેમ્સમાં 72 દેશોના રમતવીરો ભાગ લેશે. અમદાવાદ એક આદર્શ યજમાન શહેર છે જે વિશ્વ કક્ષાના સ્ટેડિયમ, અત્યાધુનિક તાલીમ સુવિધાઓ અને જીવંત રમતગમત સંસ્કૃતિ પ્રદાન કરે છે. રમતગમત ઉપરાંત, ભારતમાં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન પ્રવાસનને પ્રોત્સાહન આપવા, રોજગારી પેદા કરવા અને લાખો યુવા રમતવીરોને પ્રેરણા આપવા પર કાયમી અસર છોડશે. આવી વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠિત ઇવેન્ટ રાષ્ટ્રીય ગૌરવ અને એકતાની ભાવના જગાડશે.

-------------------------------------------------------------------------------------

## ફરિયાદોના ઓનલાઇન નિવારણનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આવતીકાલે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આવતી કાલે યોજાશે. નાગરિકો આ સ્વાગત કાર્યક્રમ

માટેની રજૂઆતો આવતીકાલે સવારે 8 થી 11 દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

---

## ભુજ બસ પોર્ટ ખાતે ચાર નવી બસોનું લોકાર્પણ

ભુજ બસ પોર્ટ ખાતે નવી ચાર ડીલક્ષ એક્સપ્રેસ બસોનું ગઇકાલે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ લીલી ઝંડી આપી બસોને પ્રસ્થાન કરાવ્યું. નવી બસ સેવા ભુજ-મહેસાણા અને ભુજ-છોટાઉદેપુર રૂટ પર શરૂ કરવામાં આવી છે. ભુજથી મહેસાણા જવા માટે બસ બપોરે 3:30 કલાકે ઉપડશે. મહેસાણાથી ભુજ તરફની બસ બપોરે 2:15 કલાકે રવાના થશે. છોટા ઉદેપુર માટેની બસ સવારે 11 વાગ્યે અને ત્યાંથી ભુજ તરફની બસ સવારે 10 વાગ્યે ઉપડશે.

---

## અકસ્માત

માંડવીના ફરાદી ત્રણ રસ્તા નજીક વળાંક પર ટ્રકની ટક્કરે બે બાઈક સવાર કિશોરોના ઘટનાસ્થળે મૃત્યુ નીપજતાં અરેરાટી છવાઈ ગઈ છે. ગઇકાલે બપોરે બનેલી ઘટનામાં મુન્દ્રા તાલુકાના રામાણિયા ગામના બન્ને કિશોરો બાઇકથી જતા હતા ત્યારે ટ્રકની અડફેટે ચડતા ગંભીર ઇજાઓ પહોંચી હતી અને ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યા હતા. દુર્ઘટના અંગે કોડાય પોલીસે તપાસ હાથ ધરી છે.

---

## આજે ઋષિ પાંચમ

આજે ઋષિ પંચમીનું પર્વ ઉજવાય છે પ્રાચીન ઋષિ વર્યોનું ઋણ અદા કરવા ભાદરવાની શુક્લ પક્ષની પાંચમી તિથિએ મનાવાય છે. આજની તિથિ સામા પાંચમ તરીકે જાણીતી છે.

મહિલાઓ આ વ્રત કરે છે. ભુજમાં ખારી નદી ખાતે આવેલા એક માત્ર સપ્ત ઋષિ મંદિર ખાતે મેળો ભરાય છે.

---------------------------------------------------------------------------------------------

## ગણેશમૂર્તિના વિસર્જન અંગે જાહેરનામું

જિલ્લામાં ગણેશોત્સવની ઉજવણી થઇ રહી છે ત્યારે આ તહેવારની ઉજવણી દરમિયાન જુદા જુદા વિસ્તારોમાં ગણેશ ઉત્સવ મંડળીઓ દ્વારા ગણેશજીની મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી છે. ચાલુ વર્ષે અગામી 6ઠ્ઠી સપ્ટેમ્બર સુધી ગણેશ પ્રતિમાઓના વિસર્જન અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેનો ચૂસ્ત અમલ કરવા જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------------